# ધોરણ-9
## વિષય : ગુજરાતી (S.L.)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. છપ્પા | G0903, 904, 910, 912, 915, 916 | બાહ્યાચાર, દંભ ત્યજી વાસ્તવમાં જીવવું આચાર એ વિચારનું પ્રતિબિંબ – આવા સવાલોનો સમાવેશ કરી શકાય. |
| 2. પરોપકારી મનુષ્યો | G0906, 907, 919, | સલાહ નહીં સહાયની ભાવના કેળવવા શું કરી શકાય ? |
| 3. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી | G0901, 903, 905,910,914,916 | વતન પ્રેમ - નિબંધલેખન |
| 4. સિંહનું મૃત્યુ<br>5. તું તારા દિલનો દીવો | G0904, 911, 917, 918<br>G0901, 910, 913, 919 | પ્રાણી-પક્ષી-પર્યાવરણની મહત્તા વિશેનોંધ<br>સ્વાશ્રય-સ્વાવલંબન-વિશે મુક્તલેખન-ચર્ચા |
| 6. ભાષા જાય તો સંસ્કૃતિ જાય | G0905, 906, 911, 908 | પત્રલેખન/સંવાદલેખન |
| 7. નવસર્જનની વારે | G0904, 911, 919 | નવસર્જન માટેના રચનાત્મક કાર્યો-સંદર્ભે પ્રશ્નો સમાવવા. |
| 8. આભાર | G0903, 909, 910 | કુદરત પરત્વે કૃતજ્ઞતા-ચર્ચા/નોંધ |
| 9. પારખું | G0906, 911, 912, 920 | શિક્ષિત બેરોજગાર-વિશે લેખન. |
| 10. એ લોકો | G0906, 914, 917 | સામાજિક વિષમતા-શોષણ-ભૌતિકવાદ લાગણીશૂન્યતા-સંદર્ભે પ્રશ્નો-ચર્ચા-નોંધ |
| 11. વારસાગત | G0909, 912, 915 | ખાનદાનીનો વારસો-વચનપાલનનું મહત્ત્વ- નોંધ |
| 12. તો જાણું<br>13. ઘડવૈયા | G0910, 918, 920<br>G0914, 917, | <br>આદર્શ શિક્ષક/મારા પ્રિય શિક્ષક-લેખન. |
| 14. મારું તારું ! | G0903, 904, 906, 914 | મારું-તારું નહીં પણ આપણું - આ ભાવનું સ્પષ્ટીકરણ-નોંધ |
| 15. સો ટચનું સોનું | G0907, 912, 918, 919 | શિક્ષણ-અભ્યાસનું મહત્ત્વ વિશે નોંધ - લેખન - સંવાદ |
| 16. ગોકુળમાં આવો તો | G0901, 908, 916 | પત્રલેખન- |
| 17. છબિ ભીતરની | G0904, 913, 914 | પ્રવાસવર્ણન-પ્રવાસનિબંધ |
| 18. દીકરીની વિદાય | G0910, 908, 920 | સામાજિક પ્રસંગોના સ્વાનુભવ-મુક્તલેખન |

# ધોરણ-9
## વિષય : ગુજરાતી (S.L.)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 19. પંખીલોક | G0901, 903, 911, 912 | પર્યાવરણનું જતન-હેતુલક્ષી-ટૂંકજવાબી પ્રશ્નો |
| 20. હરિ ! આવોને | G0901, 910, 916 | આપણી ભક્તિભાવના-ચર્ચા-સંવાદ |
| 21. પ્રાણીઓનું ગોકુળ | G0907, 908, 913 | મનુષ્ય અને પ્રાણીઓ-પ્રેરકથાઓ |
| 22. લઘુ કાવ્યો | G0904, 910 | |
| 23. પ્રેરક પ્રસંગો | G0909, 919, 920 | પ્રેરક પ્રસંગોમાં રહેલ જીનમૂલ્યોને લગતા પ્રશ્નો |
| | | |

# ધોરણ-10
## વિષય : ગુજરાતી (S.L.)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. મોરબી | G1001, 1004, 1015 | લોકવાદ્યો અંગેની જાણકારી,<br>કૃષ્ણચરિત્રનું મહિમા વર્ણન |
| 2. શરણાઈના સૂર | G1004, 1005, 1011, 1018 | જીવનની કરૂણતા-પરદુઃખ પરત્વે સંવેદના-<br>સામાજિક રીતરિવાજોનું વર્ણન<br>બેટીબચાવો-બેટીપઢાઓ - લેખન |
| 3. પ્રયાણ | G1003, 1012 | ખોટા ખ્યાલોનો અતિરેક -<br>ખોટો દંભ છોડી વાસ્તવિક-બનવા<br>ભદ્રંભદ્રને એ પત્ર લખો. |
| 4. જીવન અંજલિ થાજો | G1001, 1015 | દીનઃદુખીજરૂરિયાતમંદને મદદગાર થવાની<br>ભાવના વિશે નોંધ |
| 5. શ્વેતક્રાંતિના પ્રણેતાઓ | G1002, 1009, 1011, 1013, 1017 | સમાજસેવા વિશેના મંતવ્યો/ચર્ચા |
| 6. સામગ્રી તો સમાજની છેને ! | G1001, 1006, 1016 | 'અન્ન બ્રહ્મ' છે એ વિચારનું સ્પષ્ટીકરણને<br>લગતા પ્રશ્નો |
| 7. જીવમાં જીવ આવ્યો | G1012, 1005, 1015 | વર્ષાઋતુ / કુદરતનાં રમ્ય-રૌદ્ર રૂપો-<br>નિબંધલેખન<br>પ્રકૃતિની ગોદમાં - અનુભવ વર્ણન |
| 8. સૂરજ તો બધે જ સરખો | G1007, 1008, 1012 | પ્રવાસવર્ણન/પ્રવાસનિબંધ |
| 9. હાથ મેળવીએ | G1015, 1019 | હૃદયૈક્ય સાધવા માટેની તત્પરતા<br>વિશેનાપ્રશ્નો |
| 10. નથી | G1004, 1005, 1007, 1010, 1018 | માતૃપ્રેમ - લેખન, મા તે મા - |
| 11. દીવાનખાનામાં | G1003, 1008, 1015, 1019 | ભૌતિક અને માનવસંવેદનાઓ વિશેના પ્રશ્નો |
| 12. ઝબક-જ્યોત | G1001, 1002, 1004, 1019 | એકાંકીમાં કયું પાત્ર ગમ્યું ? કેમ ?<br>રાષ્ટ્રપ્રેમ વિશે નોંધ |
| 13. ક્યાં રે વાગી | G1004, 1015 | પ્રાકૃતજનોની ભક્તિભાવના-<br>કૃષ્ણભક્તિનું સંમોહન - વર્ણન. |
| 14. જેઠીબાઈ | G1001, 1004, 1005, 1008, 1014<br>1015, 1017, 1018, 1020 | "નારી તું નારાયણી" લેખન - માલિક<br>અને નોકર વચ્ચે આત્મીયભાવ.<br>આપણી વીરાંગનાઓ-કાયદામાં સુધારો-ચર્ચા |
| 15. તે બેસે નહીં | G1003, 1007, 1008, 1012 | મનુષ્યનો મહિમા -<br>આત્મનિરીક્ષણ-પ્રામાણિકતા સંદર્ભે પ્રશ્નો |

# ધોરણ-10

## વિષય : ગુજરાતી (S.L.)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 16. પ્રાણનો મિત્ર | G1006, 1009, 1014, 1019, 1020 | વૃક્ષારોપણ/વૃક્ષમહિમા વિશે નિબંધ - અહેવાલ - પત્ર |
| 17. ટિફિન<br>18. લઘુકાવ્યો | G1007, 1011, 1012, 1013<br>G1010, 1005, 1016, 1018, 1014, 1015 | જીવદયા વિશેના વિચારો - આતિથ્ય સત્કાર<br>વિચારવિસ્તાર/અર્થવિસ્તાર |
| | | |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Science

# ધોરણ - 9/10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)

**પ્રસ્તાવના :**

ભારત એક બહુભાષી દેશ છે. ગુજરાતમાં અન્ય રાજ્યોમાંથી વ્યવસાય કે અન્ય હેતુ અર્થે અનેક લોકો આવ-જા કરે છે. ગુજરાત રાજ્યની રાજભાષા તરીકે અને સમગ્ર પ્રદેશમાં વ્યવહારની ભાષા તરીકે ગુજરાતી ભાષાનું શિક્ષણ ઉપલબ્ધ થાય એ અર્થે ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો પરિચય એ એક અનિવાર્ય બાબત છે, જે વિદ્યાર્થીઓની માતૃભાષા ગુજરાતી કરતાં અલગ છે. તે ગુજરાતી ભાષામાં પોતાનું પ્રત્યાયન કુશળતાપૂર્વક કરી શકે તે માટે ગુજરાતી ભાષા શીખતા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા સાહિત્યનું રસપૂર્વક અધ્યયન કરી શકે તેમજ ભાષાનાં વિવિધ કૌશલ્યોને આત્મસાત કરી શકે તેવા અભ્યાસક્રમની રચના જરૂરી છે. જેથી ભાષા શીખનાર વિદ્યાર્થી જ્ઞાનની ક્ષિતિજોને સરળતાથી પામી શકે.

બહુભાષી દેશમાં બહુભાષા શીખવાથી રાષ્ટ્રીય ભાવના વધુ પ્રબળ થશે. સામાજિક ન્યાય અને સમાનતાનાં મૂલ્યો આધારિત એક ધર્મનિરપેક્ષ, ક્ષમતા-મૂલક અને બહુલતાવાદી સમાજના સ્વરૂપમાં ભારતના સંવૈધાનિક દૃષ્ટિકોણ ગ્રહણ કરતાં આ શૈક્ષણિક દસ્તાવેજમાં થોડાક વ્યાપક હેતુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં વિચાર અને કર્મની સ્વતંત્રતા, પરોપકાર તેમજ સંવેદનશીલતા, નવી બનતી જતી ઘટનાઓનું લચીલાપણું તેમજ રચનાત્મક અભિગમ સાથે સાથે લોકતાંત્રિક પદ્ધતિઓને સુદૃઢ કરવાનું મનોવલણો મહત્ત્વનું બને છે. પ્રારંભિક શિક્ષણને જ્યારે બાળકનો મૂળભૂત અધિકાર માનવામાં આવે છે ત્યારે બધાં બાળકોને જાતિ, લિંગ તેમજ વિભિન્ન પ્રકારની વિકલાંગતાથી નિરપેક્ષ સ્વાસ્થ્ય-પોષણ અને આનુષંગિક વાતાવરણ ઊભું કરીને શિક્ષણની વિવિધ તરાહો વિશે વિચારવાનું યોગ્ય છે.

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| ભાષા અભિવ્યક્તિનું માધ્યમ છે. મનુષ્ય પોતાના વિચારો, લાગણી, મત, અભિપ્રાય બધું જ બોલીને લખીને વ્યક્ત કરે છે. તેથી જ વિદ્યાર્થીઓ વર્ગખંડ કે શાળામાં ગુજરાતી ભાષાથી સભાન થાય અને ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજે તેવું વાતાવરણ સર્જીને તેમને વ્યક્તિગત કે જૂથમાં પૂરતી તક પૂરી પાડી, તેમને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષક નીચે મુજબની પ્રવૃત્તિઓ કરશે.<br>● દશ્ય-શ્રાવ્ય સાધનો અને આધુનિક ઈન્ફૉર્મેશન ટેક્નોલોજીની મદદથી ભિન્ન ભિન્ન શૈક્ષણિક માહિતી પૂરી પાડશે અને એને આધારે વિવિધ એકમો સમજાવી પ્રશ્નોત્તરી કરવી.<br>● વિવિધ શબ્દ રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો, ઈન્ટરવ્યૂ કે પ્રોજેકટ કાર્ય દ્વારા શૈક્ષણિક મુદ્દાઓનું સ્પષ્ટીકરણ કરી સમજાવવી.<br>● શ્રવણ કૌશલ્ય વિકસાવવા વાર્તાકથન, ફિલ્મી સંવાદો, નાટય સંવાદો કે સારા વક્તાઓની ઓડિયો-વીડિયો ફિલ્મ સંભળાવવા.<br>● વિવિધ લોક સમુદાયની પ્રત્યક્ષ મુલાકાત ગોઠવી તેમની વિવિધ માહિતી તેમજ સમસ્યાઓથી વાકેફ કરવા.<br>● પાઠ્યપુસ્તકમાંના એકમોના પાત્રગત સંવાદોની રોચક રજૂઆત કરાવવી.<br>● શબ્દભંડોળને વિકસાવવા ગુજરાતી, અંગ્રેજી શબ્દકોશનો ઉપયોગ કરતાં શીખવવા.<br>● લઘુકથા કે પ્રસંગ કથાને વિદ્યાર્થીભોગ્ય બનાવવા પૂરક કથા-પ્રસંગો દષ્ટાંતો રજૂ કરી સમજાવવા.<br>● સ્થૂળ-નીરસ જણાતી અઘરી બાબતોને 'રોલપ્લે' દ્વારા રોચક બનાવી સમજાવવા.<br>● સૂક્તિ, કાવ્યપંક્તિ, કહેવત, વિચાર વિસ્તાર કે ગદ્ય-પદ્યનું સ્વતંત્ર લેખન કરાવવા. | G0901 | દશ્ય-શ્રાવ્ય સામગ્રી અને આધુનિક ઈન્ફર્મેશન ટેક્નોલોજીની મદદથી મળતી માહિતી સમજે છે અને તારણો કાઢે છે. |
| | G0902 | વેબસાઈટ, ઈ-મેઈલ, એસએમએસ દ્વારા જરૂરી માહિતી મેળવે છે અને સમજી વ્યવહારમાં પ્રયોજે છે. |
| | G0903 | અનુમાન, અર્થઘટન અને વર્ણન કરવા માટે વૈવિધ્યસભર સાહિત્યિક / બિનસાહિત્યિક માહિતી (Inputs) ને વાંચે છે, સમજે છે અને લખી જાણે છે. |
| | G0904 | મૌખિક અને બિનમૌખિક રીતે વિચારો, મંતવ્ય અને અભિપ્રાયો રજૂ કરે છે. |
| | G0905 | યોગ્ય વ્યાકરણીય શિષ્ટ ઉચ્ચારણ સહિત અટક્યા વગર સમજી, બોલી લખી શકે છે. |
| | G0906 | યોગ્ય ઉચ્ચારણ સાથે શુદ્ધ વાંચન કરે છે, તેમજ ભાવાર્થ સમજી મુદ્દાસર લખે છે. |
| | G0907 | પરિચ્છેદ કે એકમ શાંતિથી વાંચે છે, સમજે છે, અર્થઘટન કરી લખી જાણે છે. |
| | G0908 | ઔપચારિક તેમજ અનૌપચારિક પત્રલેખન કરે છે. શીર્ષક કે મુદ્દા આધારિત વાર્તાલેખન કરે છે તેનો હાર્દરૂપ બોધ સમજે છે અને લખે છે. |
| | G0909 | જોયેલી, જાણેલી કે કલ્પના કરીને ઘટના કે બનાવનું આલેખન કરતું સુલેખન સંક્ષિપ્ત વર્ણન કરે છે. |
| | G0910 | કોઈપણ બોધદાયક વિચાર-પંક્તિને વાંચે છે, સમજપૂર્વકની સમજૂતી પણ લખે છે. |
| | G0911 | વર્ગખંડની શબ્દ રમતો, ચર્ચા-વક્તવ્ય જેવા કાર્યક્રમોમાં ઉમંગભેર ભાગ લે છે. |
| | | સમાનાર્થી / વિરોધી શબ્દો કે જોડણી ભેદ અર્થભેદ ધરાવતા શબ્દો ઓળખે છે. લેખનમાં ઉચિત ઉપયોગ પણ કરે છે. |
| | G0912 | સંધિ, સમાસ, સંયોજક, રૂઢિપ્રયોગ કે કહેવતો દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો વિનિયોગ કરે છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| • સ્થાનિક લોકબોલી કે બહુભાષી વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીત, સંવાદ હરિફાઈ ગોઠવી ભાષા અભિવ્યક્તિની, તક પૂરી પાડવી. | G0913 | લેખન-વાંચન કે કથનમાં લિંગ, વચનનો ઉચિત ઉપયોગ કરે છે. તદ્દુપરાંત વિશેષણ, ક્રિયાવિશેષણનો ભેદ ઓળખી લખે છે. |
| • વિવિધ પ્રકારનાં બિલ, રીસિપ્ટ, રેપર, રીપોર્ટ કે જાહેરાતના નમૂના એકઠા કરી તે અંગેની સમજ આપશે. | G0914 | વાંચેલી, સાંભળેલી સામગ્રીને કાર્યકારણ સંબંધોને આધારે વધુ માહિતી મેળવવાના ભાગરૂપે ‘શા માટે ?’, ‘કેવી રીતે?’, જેવા પ્રશ્નો પૂછી શકે છે ? |
| • બાગ-બગીચા કે પ્રાકૃતિક સ્થળોનો પ્રત્યક્ષ અનુભવ કરાવશે. પ્રાકૃતિક તત્ત્વોની ઓળખ અને તેનું મહત્ત્વ સમજાવશે. | G0915 | પોતાની વાતને અસરકારક રજૂઆત માટે વિવિધ શબ્દગુચ્છ-શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો જેવી શબ્દાવલીઓનો ઉપયોગ કરે છે. |
| • પાઠ્યપુસ્તકનાં કાવ્યો, ગીતોનું ભાવવાહી અર્થાનુસારી સ્વરબદ્ધ ગાન / પઠન કરાવશે અથવા તો સંભળાવશે. | G0916 | શબ્દકોશ, જ્ઞાનકોશ અને ડિજીટલ સુવિધાઓનો ઉપયોગ કરીને શબ્દોના અર્થ મેળવી જાણે છે, લખીને વ્યક્ત કરે છે. |
| • જોયેલી, જાણેલી, અનુભવેલી કે કલ્પના કરેલી બાબતોની સુસ્પષ્ટ વર્ણન કરી સમજાવવા. જરૂર જણાય ત્યાં ચિત્રવાર્તા દ્વારા સમજાવવા. | G0917 | બોલ-ચાલ, લેખન કે વર્ગખંડના વ્યવહારમાં પ્રામાણિકતા, સહકાર અને રાષ્ટ્રપ્રેમ પ્રદર્શિત કરે છે. |
| • પૂર્વજ્ઞાન ચકાસણી કે જિજ્ઞાસા પ્રેરક પ્રશ્ન-પ્રતિપ્રશ્ન પૂછી વિષયાભિમુખ કરાવવા. | G0918 | દ્વિભાષી કે બહુભાષી વર્ગખંડ કે સમાજમાં ભાષાઓ વચ્ચેના સામ્ય અને તફાવતોને સમજવાનો પ્રયાસ કરે છે. |
| • કથનમાં વિદ્યાર્થીભોગ્ય નવા શબ્દો પ્રયોજી વિસ્તૃત કથન કે લેખન કરી સમજાવવા. | G0919 | પુસ્તકો, અખબારો, ઈન્ટરનેટ, પુસ્તકાલયનો ઉપયોગ કરે છે. તેમાંથી સંદર્ભો મેળવી નોંધ કરી શકે છે. |
| • માતૃભાષામાંથી ગુજરાતીમાં તેમજ ગુજરાતીમાંથી માતૃભાષામાં અનુવાદ કરવા સમયાંતરે ટૂંકા પરિચ્છેદ લખવા આપવા. | G0920 | આશરે ૫૦૦૦ જેટલા શબ્દો જાણે છે, તેમજ શબ્દકોશનો ઉપયોગ કરીને વ્યાવહારિક વ્યાકરણ પણ લખી જાણે છે. |
| • શ્રુત લેખન કે અનુલેખનનો મહાવરો કરાવવો. | | |
| • વિવિધ વિષયો આધારિત સુવિચારોનું સંકલન કરી “સુંદરપોથી” બનાવડાવવી. | | |
| • ટૂચકા, કિસ્સા, ઘટનાઓ, વાર્તા કે વક્તવ્યો રજૂ કરી અપરિચિત વિષયો પર મૌલિક મુક્તલેખન કરાવવું. | | |
| • જૂથ ચર્ચા કે પ્રશ્નોત્તરી-કાળને જીવંત અને પ્રોત્સાહક બનાવવા. | | |
| • જાહેર સ્થળોની મુલાકાત યોજી તેની કામગીરીનો ખ્યાલ આપશે તેમજ તેની વિશિષ્ટતા અને મર્યાદા અંગે સમજાવવું. | | |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| ● સ્થાનિક લોકમેળાની સફરનું આયોજન ગોઠવી ભાતીગળ લોક સંસ્કૃતિનો પરિચય આપવો.<br>● અવનવા વિદ્યાર્થી કેન્દ્રી વિષયો પર પક્ષ-પ્રતિપક્ષના જૂથ પાડી હકારાત્મક તેમજ નકારાત્મક રજૂઆતના મુદ્દાઓ નોંધાવવી.<br>● વિશિષ્ટ સમારંભો કે દૈનિક પ્રાર્થના, સભામાં ઉદ્‌ઘોષણાનો મહાવરો કરાવવો.<br>● શૈક્ષણિક કાર્ય કે પ્રાર્થના સભા દરમિયાન નૈતિક જીવન મૂલ્યો વિશેના પ્રેરક પ્રસંગો/ દૃષ્ટાંતોની ચર્ચા કરવી.<br>● સમાચાર- સુવિચાર વાંચન કે લેખન દ્વારા બુલેટિન બોર્ડ સમજાવવા.<br>● ટૂંકા વિષયબોધ દ્વારા મંતવ્ય કે શીઘ્ર વક્તૃત્વ માટે પ્રેરિત કરવા.<br>● 'વિશેષ દિન'ની ઉજવણી કરાવી તેનું મહત્ત્વ સમજાવશે તેમજ તેનું વર્ણનાત્મક લેખન કે અહેવાલ રૂપે નોંધ કરાવવી. | | |

## ધોરણ - 10 : ગુજરાતી (દ્વિતીય ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| ભાષા અભિવ્યક્તિનું માધ્યમ છે. મનુષ્ય પોતાના વિચારો, લાગણી, મત, અભિપ્રાય બધું જ બોલીને લખીને વ્યક્ત કરે છે, તેથી જ વિદ્યાર્થીઓ ભાષાનું શિક્ષણ યોગ્ય રીતે પ્રાપ્ત કરે તે અપેક્ષિત છે. | G1001 | દશ્ય-શ્રાવ્ય સાધનો અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીની મદદથી મળતી માહિતી સમજે છે, તારણો કાઢી વ્યવહારમાં પ્રયોજે છે. |
| | G1002 | રમતો, પ્રવૃત્તિઓ, મુલાકાતો કે પ્રોજેક્ટ કાર્ય દ્વારા સમજ કેળવે છે. |
| વિદ્યાર્થીઓ વર્ગખંડ કે શાળામાં ગુજરાતી ભાષાથી અવગત થાય તેમજ ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજે તે માટેનું વાતાવરણ સર્જીને તેમને વ્યક્તિગત કે જૂથમાં યોગ્ય તકો પૂરી પાડી તેમને પ્રોત્સાહિત કરવા શિક્ષકે નીચે મુજબની પ્રવૃત્તિઓ કરાવવી. | G1003 | પરિચિત, અપરિચિત સંજોગોમાં વાતચીત અને સંવાદ કરે છે. |
| | G1004 | વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે વ્યવહારમાં, મેળા-ઉત્સવ-જાહેર ઉજવણી કે લોકબોલીની રજૂઆત સમજે છે. |
| • પાઠ્યપુસ્તકની શૈક્ષણિક સામગ્રીને દશ્ય-શ્રાવ્ય માધ્યમો કે ઈન્ફર્મેશન ટેક્નોલોજીની મદદથી રજૂ કરી સમજાવશે તેમજ પ્રશ્નોત્તરી કરવી. | G1005 | આશરે ૬૦૦૦ જેટલા શબ્દો જાણે છે, ઉપયોગ કરીને લખે છે અને શબ્દકોશનો ઉપયોગ કરી વ્યાવહારિક વ્યાકરણ પણ સમજે છે. |
| • શબ્દ રમતો, એનીમેશન ફિલ્મો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મુલાકાતો કે પ્રોજેકટ કાર્ય દ્વારા શૈક્ષણિક મુદ્દાઓનું સ્પષ્ટીકરણ કરી સમજાવવું. | G1006 | પરિસંવાદ, ચર્ચામાં ભાગ લે છે. પોતાના અભિપ્રાય રજૂ કરે છે અને જે તે સંદર્ભે પ્રશ્નો પણ પૂછે છે. |
| • વાર્તાકથન, કૃતિઓમાં આવતાં પાત્ર સંવાદો કે સારા વક્તાઓની ઓડિયો - વિડિયો બતાવવી. | G1007 | પોતાની લાગણી, મૂંઝવણ, અનુભવ અને વિચારને તર્કબદ્ધ રીતે રજૂ કરે છે. |
| | G1008 | જ્ઞાત કે અજ્ઞાત પરિસ્થિતિનું વર્ણન અને વિશ્લેષણ કરે છે. |
| • જાહેર જીવન સાથે સંકળાયેલ કે સેવાકાર્યો કરનાર વ્યક્તિઓની મુલાકાત કરાવશે. | G1009 | સાંભળેલી કે વાંચેલી વિગતોમાંથી મહત્ત્વના મુદ્દાઓની ગોઠવણી કરી સુલેખન કરે છે. રૂબરૂ મુલાકાત વખતે યોગ્ય પ્રશ્નો પૂછી જરૂરી માહિતી પણ મેળવે છે. |
| • અવનવી ઘટનાઓ, રમૂજી ટૂચકા, વાર્તા કે ચિંતનાત્મક વક્તવ્યો સંભળાવવાં તેમજ તેના પર મૌલિક મુક્તલેખન પણ કરાવવું. | G1010 | વાંચેલા પુસ્તક કે એકમનો સારાંશ રજૂ કરી શકે છે અને તેની સમીક્ષા પણ કરે છે. |
| • વિવિધ લોકસમૂહોની પ્રત્યક્ષ મુલાકાત ગોઠવી તેમની ખાસિયતોથી માહિતગાર કરવા. | G1011 | માન્ય જોડણી, વિરામચિહ્નોનો ઉપયોગ કરી શ્રુતલેખન કરે છે. તેમજ સાંભળેલી બાબતો, વાર્તાઓ કે પ્રસંગો વિશે સારલેખન કરે છે. |
| • શ્રવણ અને કથન કૌશલ્ય વિકસાવવા વાર્તાકથન, સંવાદકથન, ફિલ્મી સંવાદો, સારા વક્તાઓની ઓડિયો-વીડિયો ક્લિપ સંભળાવવી. | G1012 | સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય વિગતોમાંથી તારણ કાઢી પ્રશ્નોના જવાબ લખે છે. |
| • પાઠ્યપુસ્તકમાંના એકમોનું ભાવવાહી વાંચન કરવું તેમજ વિદ્યાર્થીઓ પાસે કરાવવું. | G1013 | વિશિષ્ટ વ્યક્તિ કે સંસ્થાની મુલાકાત લઈ સંવાદ કરે છે. |

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (LearninG Outcomes) |
|---|---|---|
| • શબ્દ ભંડોળને વિકસાવવા ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ દ્વારા 'શબ્દખોજ' હરિફાઈ યોજવી. તમામ વિદ્યાર્થીઓને તેમાં જોડવા. | G1014 | ગદ્યાંશ પરથી સારલેખન, શીર્ષક પરથી વાર્તાલેખન કરે છે. |
| • કઠીન એકમોના સરળીકરણ માટે ઉદાહરણો, દૃષ્ટાંતો કે પ્રસંગ વર્ણન જેવી પૂરક બાબતો રજૂ કરવી. | G1015 | ગદ્ય-પદ્યની સમીક્ષા કરે છે. |
| • સ્થૂળ-નીરસ કે અઘરી જણાતી વિષય સામગ્રીને 'રોલપ્લે' દ્વારા રોચક બનાવવાનો પ્રયત્ન કરશે. | G1016 | સમાચારપત્રો, સામયિકોનું વાંચન તેમજ પુસ્તકાલયનો ઉપયોગ કરે છે. |
| • સૂક્તિ, કહેવત કે કાવ્ય પંક્તિનો વિચાર વિસ્તાર કે ગદ્યનું સારલેખન, કાવ્યસમીક્ષા કરાવશે. | G1017 | લિંગ, વચન, કાળ, વિરામચિહ્નો, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણનો સમજીને ઉપયોગ કરે છે. |
| • દ્વિભાષી કે બહુભાષી વિદ્યાર્થીઓ વચ્ચે વાતચીત, સંવાદકથનની હરિફાઈ યોજી મુક્ત અભિવ્યક્તિની તકો પૂરી પાડવી. | G1018 | સ્થાનિક બોલી / ભાષાના શબ્દોનો માન્ય ભાષામાં અર્થ શોધવા માટે શબ્દકોષનો ઉપયોગ કરે છે. |
| • પાઠ્યપુસ્તકનાં કાવ્યો / ગીતોનું ભાવવાહી ગાન/પઠન કરાવવું અથવા તો સ્વરબદ્ધ રીતે સંભળાવવું. | G1019 | વ્યક્તિગત અને જૂથમાં સક્રિય ભાગીદાર બને છે અને પોતાની વાત રજૂ કરે છે. |
| • જોયેલી, જાણેલી, અનુભવેલી કે કાલ્પનિક બાબતોને ચિત્રવર્ણન દ્વારા સમજાવવી. | G1020 | ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા મેળવેલ માહિતીનો વ્યવહારુ ઉપયોગ કરે છે. |
| • જિજ્ઞાસાપ્રેરક કે પૂર્વજ્ઞાન ચકાસણીના પ્રશ્નો દ્વારા વિષયપ્રવેશ કરાવવો. | | |
| • માતૃભાષામાંથી ગુજરાતમાં તેમજ ગુજરાતીમાંથી માતૃભાષામાં અનુવાદ કરવા અવારનવાર ટૂંકા પરિચ્છેદ લખવાની તકો પૂરી પાડવી. | | |
| • સમાચાર વાંચન કે સુવિચાર લેખન માટેની તકો પૂરી પાડવી. તેમજ બુલેટિન બોર્ડ સજાવવાની કામગીરી સોંપવી. | | |
| • જૂથ ચર્ચા કે પ્રશ્નોત્તરીને પ્રોત્સાહક તેમજ જીવંત બનાવવા. | | |